# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

Accredited Grade "A" by NAAC
(3rd Cycle)

એકેડેમિક વિભાગ, યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ, રાજકોટ - ૩૬૦૦૦૫

ફોન નં. : (૦૨૮૧) ૨૫૭૮૫૦૧ એક્સટે. નં. ૨૦૨ ,૩૦૪ / ફેક્સ નં. : (૦૨૮૧) ૨૫૭૬૩૪૭

ઈ-મેઈલ - academic@sauuni.ac.in, cmkanabar@sauuni.ac.in


નં.એકે./તબીબી/ ૩૮૪/૨૦૨૧ તા :- ૦૭/૦૪/૨૦૨૧

પરિપત્ર:-

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની તબીબી વિદ્યાશાખા હેઠળની સર્વે સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓને સવિનય જણાવવાનું કે, M.C.I.. ન્યુ દિલ્હીનાં દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦૨૦થી અમલ કરવા સંદર્ભે સૂચવેલ પ્રથમ વર્ષ M.B.B.S.નાં વિષયો તથા "ફાઉન્ડેશન કોર્ષ" (પ્રથમ વર્ષ M.B.B.S. અભ્યાસક્રમ)નું (માળખું) માનનીય કુલપતિશ્રીએ અધિકાર મંડળોની બહાલીની અપેક્ષાએ શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦૨૦થી અમલમાં આવે તે રીતે મંજુર કરવામાં આવેલ. તેના કન્ટેન્ટ M.C.I.એ જે નિયત કરેલ તે મુજબ તેના કન્ટેન્ટને ધ્યાને લઈ અભ્યાસક્રમોની અમલવારી કરવા સંદર્ભે આ વિભાગ દ્વારા ઉક્ત બાબત નં./એકે/તબીબી/૨/૨૦૨૦, તા.૧/૧/૨૦૨૦ થી પરિપત્રિત કરવામાં આવેલ.

તદ અન્વયે એન.એમ.સી. તરફથી મળેલ નવા અભ્યાસક્રમ અંતર્ગતની બાબતોને ધ્યાને લઈ ડો.વિજય સી. પોપટ, ડીનશ્રી, તબીબી વિદ્યાશાખા દ્વારા તેમના Ref.M/66 Dt.3/3/2021નાં પત્રથી નીચે મુજબની ભલામણો અધિકાર મંડળોની બહાલીની અપેક્ષાએ મંજુર કરવા ભલામણ કરેલ. જેથી નીચે મુજબની બાબત માનનીય કુલપતિશ્રીએ અધિકાર મંડળોની બહાલીની અપેક્ષાએ મંજુર કરેલ છે. આથી સર્વે સંબંધિતોએ તેની નોંધ લઈ અમલ કરવા વિનંતી.

૧. કોવિડ ને કારણે વિદ્યાર્થીઓની પરીક્ષા મોડી લેવામાં આવેલ જેના કારણે તેઓને સેકન્ડ M.B.B.S.નો અભ્યાસક્રમ ફેબ્રુઆરીમાં ચાલુ થયેલ જેથી વિદ્યાર્થીઓની ટર્મ બગડે નહી તે માટે સને ૨૦૧૯ માં એડમીશન મેળવેલ અને પરીક્ષા પાસ કરેલ વિદ્યાર્થીઓની એકેડેમિક ટર્મ ઓગસ્ટ -૨૦ થી શરૂ કરવા એન.એમ.સી.ની જોગવાઈ મુજબ ભલામણ કરવામાં આવે છે.

૨. એન.એમ.સી.ની ગાઈડ લાઈનમાં નવા અભ્યાસક્રમ અન્વયે વિદ્યાર્થીએ તેમની પ્રથમ વર્ષ M.B.B.S.ની પરીક્ષા ચાર પ્રયત્ને ચાર વર્ષની અંદર પાસ કરવી જરૂરી છે તેમજ M.B.B.S.નો અભ્યાસક્રમ ૧૦ વર્ષની અંદર પૂર્ણ કરવાનો રહેશે. પરંતુ હાલમાં ઘણા વિદ્યાર્થીઓ ઓલ્ડ કોર્ષનાં હોય તેઓને આ જોગવાઈ લાગુ પડશે નહી તેમજ ઓલ્ડ કોર્ષનાં વિદ્યાર્થીઓ પ્રથમ વર્ષ M.B.B.S. પાસ કર્યા બાદ નવા કોર્ષના નિયમોનુસાર આગળનો અભ્યાસ કરવાનો રહેશે.

સહી/-
(ડો.જે.એચ.સોની)
I/C.કુલસચિવ

(મુસદ્દો કુલસચિવશ્રીએ મંજુર કરેલ છે)

રવાના કર્યુ
[signature]
એકેડેમિક ઓફિસર

પ્રતિ,

૧. તબીબી વિદ્યાશાખા હેઠળની સર્વે સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ

<u>નકલ સાદર રવાના:- (જાણ અર્થે)</u>

માન.કુલપતિશ્રી/માન.ઉપકુલપતિશ્રી/કુલસચિવશ્રી ના અંગત સચિવશ્રી

<u>નકલ સાદર રવાના:- (યોગ્ય કાર્યવાહી અર્થે)</u>

૧. ડીનશ્રી, તબીબી વિદ્યાશાખા,
૨ જોડાણ વિભાગ,
૩. પી.જી.ટી.આર.વિભાગ,
૪. પરીક્ષા નિયામકશ્રી,
૫. નિયામકશ્રી, કોમ્પ્યુટર સેન્ટર, વેબસાઈટ (CD) ઉપર પ્રસિધ્ધ અર્થે.

HVC/PARIPATRA/11
7 April 2021